સે-૨૧માં જાળવણીના અભાવે રોપાઓનુ બાળમરણ

મુલાકાતીઓમાં આક્રોશ : વિકાસ કામોમાં હરિયાળીનો સોથ વળી રહ્યો છે ત્યારે યોગ્ય જાળવણીના અભાવે પણ રોપાઓનો ઉછેર થતો નથી : સેક્ટરમાં રોપાઓના સુકારા સાથે ગંદકીની સમસ્યા પણ જટીલ

ગાંધીનગર તા ૧૨

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સે-૨૧ શોપિંગ સેન્ટરમાં દુવિધાઓનુ દંગલ છે. પાર્કીંગની જટીલ સમસ્યા વચ્ચે ગંદકીનો પ્રશ્ન પણ હઠીલો બનતો જાય છે. બીજીતરફ સેકટરની હરિયાળીમાં નિખાર આવે તે પહેલા જ સુકારાનો ભોગ બની રહી છે. શોપિંગ વિસ્તારમાં પાર્કીંગ નજીક ખુલ્લી જગ્યામાં અગાઉ રોપાઓની વાવણી કરવામાં આવી હતી પરંતુ જાળવણીના અભાવે આ રોપાઓ સુકારાનો ભોગ બન્યા છે. રોપાઓનુ બાળમરણ થયુ છે. શહેરમાં વિકાસના નામે હરિયાળીનો સોથ વળી રહ્યો છે. ત્યારે કુમળા રોપાઓની યોગ્ય માવજત થાય તે માટે વનતંત્ર અને આમ નાગરિકોએ જાગૃત થવાની અનિવાર્યતા છે.

શહેરના હાર્દસમા વિસ્તાર સે-૨૧ અનેક દુવિધાઓથી ઘેરાયલુ છે. સેકટરમાં સાંકડા માર્ગો તેમજ પાર્કીંગ વ્યવસ્થાના અભાવ વચ્ચે અવારનવાર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે. જયારે શહેરના ડીસ્ટ્રીકટ શોપિંગ સેન્ટરમાં પણ સર્વિસ માર્ગ પર વાહનોનો ખડકલો થતા માર્ગ સલામતી જોખમાય છે. બીજીતરફ ગંદકીની સમસ્યા પણ હઠીલી બનતી જાય છે પાર્કીંગ વિસ્તાર નજીક ગંદકીના પણ ઢગ ખડકાય છે. લાંબા સમયના અંતે પણ સે-૨૧ ની દુવિધાઓ દુર કરવા માટે નક્કર આયોજન થઈ શક્યુ નથી ત્યારે શોપિંગ સેન્ટરમાં હરિયાળી નિખરે તે માટે અગાઉ રોપાઓનુ વાવેતર કરાયુ હતુ. પરંતુ યોગ્ય જાળવણીના અભાવે આ રોપાઓનુ પણ બાળ મરણ થયુ છે. શહેરમાં હરિયાળી નિખારવા માટે વરસાદી દિવસો દરમિયાન અનેક ઠેકાણે નવા રોપાઓનુ વાવેતર કરવામાં આવે છે. પરંતુ રોપાઓને પાણી ન મળવાની સાથે યોગ્ય માવજત ન થતા નાના રોપાઓ ઉછેર પુર્વે જ કરમાઈ જાય છે. શહેરના સે-૨૧ શોપિંગ સેન્ટરના પાર્કીંગ વિસ્તાર નજીક વચ્ચેની ખુલ્લી જગ્યામાં અગાઉ રોપાઓનુ વાવેતર કરાયુ હતુ પરંતુ પર્યાવરણ પ્રેમની વાતો વચ્ચે જ આ રોપાઓ સુકાઈ ગયા છે. યોગ્ય માવજતના અભાવે હરિયાળી નિખરતા પુર્વે જ સુકારો લાગી ગયો છે. સ્થાનિક વેપારીઓથી માંડી વનતંત્રએ પણ આ વાતને ગંભીરતાથી લીધી નથી એકબાજુ શહેરમાં વિકાસ કામોના નામે આમ પણ હરિયાળીનો સોથ વળે છે. ત્યારે માર્ગ વાઈડનીંગ તેમજ નવા બિલ્ડીંગોના નિર્માણના લીધે પણ વૃક્ષોની કટોતી થાય છે. પરંતુ શહેરમાં રોપાઓના વાવેતર બાદ યોગ્ય જાળવણી ન થતા પણ વૃક્ષોનો ઉછેર થઈ શકતો નથી. વિકાસ કામો દરમિયાન હરિયાળીનો સોથ વળતો અટકાવાની સાથે દેખરેખના અભાવે વિલાતા આ રોપાઓ સમયસર હરિયાળી નિખારે તે માટે પણ તંત્ર અને આમ નાગરિકોએ જાગૃત થવાની અનિવાર્યતા છે.

દિવસે ઠંડીનો પારો ગગડ્યો પરંતુ રાત્રીના તાપમાનમાં વધારો

એકજ દિવસમાં મહત્તમ તાપમાન ત્રણ ડિગ્રી ઘટીને ૩૧ ડિગ્રી સે. નોંધાયુ જ્યારે રાત્રે લઘુત્તમ તાપમાન ૧૩ ડિગ્રીથી ૧૪ ડિગ્રી પહોંચ્યું : દિવસ વધુ ટૂંકો થતાં સાંજે અંધારૂ વહેલુ થવા લાગ્યું

ગાંધીનગર, તા. ૧૨

પાટનગરમાં દિવાળીના તહેવારોની સાથે જ ઠંડીનું જોર વધવા લાગ્યું હતુ અને ધીમે ધીમે શિયાળાની ઋતુએ તેજ પકડ જમાવી દીધી છે. જો કે આજે શહેરના વાતાવરણમાં એક વિષમતા અનુભવાઈ હતી જે અંતર્ગત દિવસના તાપમાનમાં ત્રણ ડિગ્રીનો ઘટાડો થવા પામ્યો છે પરંતુ બીજી તરફ રાત્રીનુ તાપમાન એક ડિગ્રી જેટલું ઉંચકાયું છે. આ સાથે દિવસ ટૂંકો થવાની પ્રક્રિયા પણ વધુ સક્રીય જણાઈ રહી છે.

ગાંધીનગરનો શિયાળો દર વર્ષે રાજ્યભરમાં ચર્ચાસ્થાને રહે છે કેમકે લગભગ રાજ્યના સૌથી ઠંડા શહેરોમાં તે નિયમિત સ્થાન પામે છે તેમજ અનેકવાર મોખરે રહે છે. શહેરમાં હરિયાળી વધુ હોવાને કારણે પણ પાટનગરમાં ઠંડીનો અનુભવ અસરકારક રીતે થાય છે. છેલ્લાં ત્રણ દિવસના તાપમાનના આંકડા જોઈએ તો શહેરમાં મહત્તમ તાપમાન જે દિવસના સમયે નોંધાયુ હોય છે તેમાં ત્રણ થી સાડા ત્રણ ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે. તા. ૧૦મી નવેમ્બરે ૩૪ ડિગ્રી સે. મહત્તમ તાપમાન હતુ તે આજે તા. ૧૨મી નવેમ્બરે ઘટીને માત્ર ૩૧.૫ ડિગ્રી સે. નોંધાયુ હતુ. જ્યારે બીજી તરફ તા. ૧૦મી નવેમ્બરે રાત્રી દરમ્યાન નોંધાયેલુ લઘુત્તમ તાપમાન ૧૩ ડિગ્રી સે. હતુ તે તા. ૧૨મી નવેમ્બરે ૧ ડિગ્રી જેટલુ વધીને ૧૪ ડિગ્રી સે. નોંધાવા પામ્યું છે. મતલબ કે દિવસ દરમ્યાન વાતાવરણમાં ઠંડીનું પ્રમાણ વધ્યું છે પરંતુ રાત્રીના તાપમાનમાં ઠંડીનું જોર ઘટ્યુ છે. વળી, આ સાથે દિવસ પણ હવે વધુ ટૂંકો થયો હોવાનું સ્પષ્ટ અનુભવાઈ રહ્યું છે જેના કારણે સાંજે અંધારૂ વહેલુ થઈ જાય છે. આજે શહેરમાં ભેજનું પ્રમાણ આશરે ૬૧ ટકા હતુ તે સાંજ સુધીમાં ઘટને ૩૬ ટકા નોંધાયુ હતુ.

નાગરિકોની આરોગ્ય સુખાકારીની જાળવણીના મહા અભિયાન ‘‘નિરામય ગુજરાત’’નો રાજ્યવ્યાપી પ્રારંભ

જન આરોગ્ય સુખાકારી માટે બિન ચેપી રોગો-બિમારીઓ માટે સ્ક્રીનીંગથી સારવારની રાજ્ય સરકારની પહેલ : દર શુક્રવારે નિરામય દિવસ અંતર્ગત આવા રોગની તપાસ-નિદાન-સારવાર શહેરી ગ્રામ્ય વિસ્તારોમાં હાથ ધરાશે

ગાંધીનગર, તા.૧૨

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના લોકોની આરોગ્ય સુખાકારી માટે બિનચેપી રોગો અને બિમારીઓના સ્ક્રીનીંગથી સારવાર સુધીના મહાઅભિયાન નિરામય ગુજરાતનો રાજ્યવ્યાપી પ્રારંભ ઉત્તર ગુજરાતના પાલનપુરથી કરાવ્યો હતો.

મુખ્યમંત્રીએ આ મહાભિયાનના પ્રારંભ અવસરે સ્પષ્ટ મત વ્યક્ત કર્યો કે, બદલાતી જતી જીવનશૈલી, લાઈફસ્ટાઈલ, ખાન-પાન આદતો, સ્ટ્રેસ અને હાઈપર ટેન્શનથી હૃદયરોગ, ડાયાબિટીઝ, કીડનીની બિમારી જેવા રોગોનો ભોગ લોકો બનતા હોય છે. પરંતુ તેનો ખ્યાલ લાંબા સમય સુધી આવતો નથી તેથી ઘણીવાર આવા રોગ ગંભીર અને જાનલેવા બની જાય છે

પહેલું સુખ તે જાતે નર્યાલ્લના ધ્યેય સાથે રાજ્ય સરકારે આવા રોગ થાય જ નહીં, થાય તો ઉગતા જ ડામી દેવાય એટલુ જ નહીં પ્રાથમિક તબક્કે સ્ક્રીનીંગ થઈ જાય અને તપાસ નિદાનથી લઈને રોગ સંપૂર્ણ મટી જાય ત્યાં સુધીની સઘન સારવાર વિનામૂલ્યે આપવા આ

‘નિરામય ગુજરાતલ્ર અભિયાન આદર્યું છે, તેમ પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું કે, આ અભિયાનમાં આરોગ્ય તપાસ દરમિયાન જો કોઈને હૃદયરોગ કેન્સર જેવા ગંભીર રોગ જણાશે તો માત્ર નિદાન કરીને સરકાર છોડી દેવાની નથી. આવા રોગ સહિતના અન્ય બિનચેપી રોગમાં ફોલોઅપ, ટ્રીટમેન્ટ અને પૂર્ણતઃ સાજા થવા સુધીની દવા-સારવાર દ્વારા વ્યક્તિને સ્વસ્થતા પ્રાપ્ત કરાવવા સરકાર સતત પડખે રહેવાની છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા દર શુક્રવારે નિરામય દિવસ રાજ્યના ઝઉઁઝ ઁઉઁઝ અને આરોગ્ય કેન્દ્રોમાં ઉજવીને બિનચેપી રોગોની ફોલોઅપ ટ્રીટમેન્ટ તબીબો અને આરોગ્ય કર્મીઓ આપશે.

શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, આ અભિયાન તહેત આરોગ્ય સેવા કર્મીઓ લોકોના ઘરે ઘરે જઈને ત્રીસ વર્ષ કે તેથી વધુની વયના લોકોનો સર્વે કરી બિમારીની વિગતો એકત્ર કરશે અને નિઃશુલ્ક સારવાર સુધીની સુવિધાઓથી ‘‘સર્વે ભવંતુ સુખીનઃ’’ નો ધ્યેય પાર પાડશે.

મુખ્યમંત્રીશ્રીએ એમ પણ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના નાગરીકોના આરોગ્યની ચિંતા કરીને કોરોના મહામારી દરમિયાન વિનામૂલ્યે કોરોના વેક્સિન આપવાની આગવી સિદ્ધિ મેળવી છે. એટલુ જ નહીં, સ્વચ્છતા અભિયાન, ઘર ઘર ટોઈલેટ, દરેકને ઘર, નલ સે જલ, ઉજ્જ્વલા યોજના જેવી સુવિધાઓ આપીને હવે સ્વાસ્થ્યપ્રદ જીવન માટે આયુષ્માન ભારત- ઁસ્તછરૂ કાર્ડ જેવી આરોગ્યલક્ષી યોજનાઓનો સફળ અમલ કર્યો છે.

શ્રી ભૂપેન્દ્ર પટેલે આવી યોજનાઓના લાભ લેવા માટેના જરૂરી કાર્ડ જરૂરિયાતમંદ પરીવારો અવશ્ય મેળવી લે તેવી અપિલ પણ કરી હતી.

તાજપુર(ઓરાણ) ગામે સમસ્ત પાટીદાર સમાજ દશાબ્દિ સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

સ્વ. કુબેરભાઈ હીરદાસ તથા શાંતાબાના સ્મરણાર્થે પરિવાર બીજીવાર ભોજનદાતા બની યશભાગી બન્યો

ગાંધીનગર, તા. ૧૦

પ્રાંતિજ તાલુકાના તાજપુર(ઓ) ગામે છેલ્લા દસેક

વર્ષથી ગામ સમસ્ત પાટીદાર સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ ખૂબજ ધામધૂમથી ઉજવવામાં આવે છે. ત્યારે આ નવા વર્ષે આ પ્રસંગને દસ વર્ષ પૂર્ણ થતાં ‘દશાબ્દી મહોત્સવ’ ખૂબજ ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો.

ગામમાં જ્યારે પ્રથમ સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો ત્યારે તેના ભોજનદાતા તરીકે પટેલ પ્રહલાદભાઈ કે. પટેલના સુપુત્ર નિપમ પટેલ જેઓ ઓસ્ટ્રેલિયા ખાતે સ્થિત છે તેઓ સહભાગી બન્યા હતા અને જ્યારે ચાલુ વર્ષે આ સ્નેહમિલન કાર્યક્રમને દસ વર્ષ પૂર્ણ થતાં ‘દશાબ્દી’ સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો તેના ભોજન દાતા તરીકે પણ સ્વ. કુબેરભાઈ હીરદાસ તથા શાંતાબાના સ્મરણાર્થે તેઓશ્રી આ વર્ષે પણ ભોજનદાતા બન્યા હતા.

ઉલ્લેખનીય છે કે દર વર્ષે ઉજવાતા આ સ્નેહમિલન કાર્યક્રમમાં ગામની દરેક બહેનો, ફોઈઓને સપરિવાર આમંત્રણવામાં આવે છે તથા ઉમિયા પરિવાર દ્વારા ભેટ પણ આપવામાં આવે છે તેમજ ગામના તેજસ્વી તારલાઓ તેમજ વિશિષ્ટ ઉપાધી મેળવનાર ભાઈ-બહેનોને ઈનામી દાતાઓ દ્વારા ઈનામ આપી સન્માનવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે તાજપુર(ઓ) ગામની તાજપુર વિ.સા. હાઈસ્કૂલમાં આ વર્ષે પણ આ પરિવાર દ્વારા ૫૧૦૦૦નું દાન સ્વ. કુબેરભાઈ હીરદાસના સુપુત્રો પી.કે. પટેલ તથા એન.કે. પટેલ દ્વારા આપવામાં આવ્યું છે.

સદર કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ દિલિપભાઈ પટેલ, ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજના પ્રમુખ અશોકભાઈ પટેલ, જિલ્લા સહકારી આગેવાન કોદરભાઈ પટેલ, સમાજના ઉપ પ્રમુખ રામકૃષ્ણ પટેલ તથા અન્ય આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત સર્વે મહેમાનોનું સ્વાગત પરિવારના એન.કે. પટેલે કર્યુ હતુ. કાર્યક્રમને સફળ બનાવવા તાજપુર ઉમિયા પરિવારની ટીમે ખૂબ જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સુનિલભાઈ કે. પટેલે કર્યું હુતું.

ભાવિના પટેલ અને અંકિતા રૈનાને અર્જુન એવોર્ડ અપાશે

અમદાવાદ, તા.૧૨

હાલમાં જ સંપન્ન થયેલ ટોક્યો ઓલિમ્પિક્સ અને પેરાલિમ્પિકમાં ભારતનું અને ગુજરાતનું નામ રોશન કરનાર ભાવિના પટેલ અને અંકિતા રૈનાને રાષ્ટ્રપતિના હસ્તે અર્જુન એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે. આવતીકાલ એટલે કે શનિવારે રાષ્ટ્રપતિ દ્વારા ગુજરાતની બંને દીકરીઓને અર્જુન એવોર્ડ એનાયત કરવામાં આવનાર છે. ભાવિના પટેલે ટોક્યો પેરાલિમ્પિકમાં સિલ્વર મેડલ જીત્યો હતો, જ્યારે અંકિતા રૈનાએ ૨૦૧૮માં એશિયન ગેમ્સમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો, અને ટોક્યો ઓલિમ્પિકમાં તે સાનિયા મિર્ઝા સાથે ડબલ્સ રમવા માટે ઉતરી હતી.

ટોક્યો પેરાલિમ્પિકમાં અમદાવાદની દીકરી ભાવિના પટેલે દેશનું નામ સમગ્ર વિશ્વમાં રોશન કર્યું હતું. ટેબલ ટેનિસના મહિલા સિંગલ્સમાં વર્ગ-૪ કેટેગરીમાં ભારતને પ્રથમ સિલ્વર મેડલ અપાવ્યો હતો. જે બાદ ગુજરાતના ગૃહ તેમજ રમતગમત અને યુવા સાંકૃતિક મંત્રી હર્ષ સંઘવીએ ભાવિનાના ઘરે જઈને તેમને ૩ કરોડનો ચેક આપી સન્માન કર્યું હતું.

ભાવિના પટેલ મૂળ મહેસાણા જિલ્લાના વડનગર તાલુકાના સૂંઢિયા ગામના વતની છે. તેમને ૪ વર્ષની ઉંમરે પોલિયો થયો હતો. જો કે મક્કમ મનોબળ સાથે ભાવિના પટેલે સ્નાતક સુધીનો અભ્યાસ કર્યો, સાથે-સાથે સ્પોર્ટ્સમાં નામના મેળવી. ભાવિના પટેલ ઈજીંઝ (એમ્પ્લોયી સ્ટેટ ઇન્સ્યોરન્સ સ્કીમ)ના કર્મચારી છે. ૨૦૦૮થી તે ટેબલ ટેનિસ રમે છે. તેમના પિતા હસમુખ પટેલ સૂંઢિયા ગામમાં ખેતી તથા કટલરીની દુકાન ચલાવે છે, અત્યારે તેમના લગ્ન અમદાવાદમાં વેપાર કરતા નિકુલ પટેલ સાથે થયા છે.

ગુજરાતની અંકિતા રૈનાનો જન્મ અમદાવાદમાં થયો છે. તેમના પિતા રવિન્દર રૈના મૂળ કાશ્મીરના છે. અંકિતા રૈનાએ ૪ વર્ષની ઉંમરથી જ ટેનિસ રમવાનું શરૂ કરી દીધું હતું. વર્ષ ૨૦૧૮ની એશિયન ગેમ્સમાં અંકિતા રૈનાએ મહિલા સિંગલ્સમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

કંપની સમાચાર

૧.૭૧ કરોડથી વધુ ખેડૂતો સુધી પહોંચવા માટે એચડીએફસી બેંકે ભારત સરકારના નેશનલ એગ્રીકલ્ચર માર્કેટ (e-NAM) સાથે એકીકરણ કર્યું

ભારતની ખાનગી ક્ષેત્રની સૌથી મોટી બેંક એચડીએફસી બેંકે આજે ી-દ્રછસ્ના વિવિધ લાભાર્થીઓની સાથે ડિજિટલ કલેક્શન અને ફંડ્સના સેટલમેન્ટને શક્ય બનાવવા માટે ભારત સરકારના એગ્રીકલ્ચર માર્કેટ (ીદ્રછસ)ની સાથે એકીકરણ કરવાની જાહેરાત કરી છે.

કૃષિ અને ખેડૂત કલ્યાણ બાબતોના કેન્દ્રીય મંત્રાલયના છત્ર હેઠળની નોડલ અમલીકરણ એજન્સી તરીકે સ્મોલ ફાર્મર્સ એગ્રી-બિઝનેસ કોન્સોર્ટિયમ (જીહ્લછઝ)ની સાથે વર્ષ ૨૦૧૬માં લૉન્ચ થયેલ ીદ્રછસ એ એક ઓનલાઈન ટ્રેડિંગ પ્લેટફૉર્મ છે, જે ખેડૂતો, ટ્રેડરો, એફપીઓ અને અન્ય હિતધારકો માટે કૃષિ કૉમોડિટીઝના ઓનલાઈન ટ્રાન્ઝેક્શનની સુવિધા પૂરી પાડે છે.

પરંપરાગત વ્યવસ્થામાં ખેડૂતોએ તેમની કૃષિ પેદાશોને વેચવા માટે તેમના ગામથી નજીકમાં આવેલી મંડી સુધી પહોંચવા માટે માઈલોની મુસાફરી કરવી પડતી હતી. ટેકનોલોજીના હસ્તક્ષેપે દેશમાં કૃષિવ્યાપારમાં ક્રાંતિ લાવી દીધી છે. હાલમાં ી-દ્રછસ સમગ્ર દેશની ૧,૦૦૦ જેટલી મંડીઓ સાથે એકીકૃત થયેલ છે.

એચડીએફસી બેંકે આ સંલગ્નતા હેઠળ ીદ્રછસ સાથેના એકીકરણ મારફતે અહીં નીચે જણાવેલા કલેક્શનના મૉડ પૂરાં પાડીી-દ્રછસ પ્લેટફૉર્મ પર વ્યાપાર કરવાની સુગમતાને હજી વધારે સુધારવા જીહ્લછઝ સાથે સહભાગીદારી કરી છે : ૧) મલ્ટી-નેટબેંકિંગ, ૨) ડેબિટ કાર્ડ, ૩) એનઈએફટી/આરટીજીએસ, ૪) યુપીઆઈ/આઈએમપીએસ.

ટાર્સન્સ પ્રોડક્ટ્સ લિમિટેડનો આઇપીઓ ૧૫ નવેમ્બર, ૨૦૨૧ના રોજ ખુલશે

સંશોધન સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, ફાર્માસ્યુટિકલ કંપનીઓ, કોન્ટ્રાક્ટ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન્સ (‘‘સીઆરઓ’’), ડાઈગ્નોસ્ટિક કંપનીઓ અને હોસ્પિટલોમાં વિવિધ પ્રયોગશાળાઓમાં ઉપયોગી, બેન્ચટોપ ઉપકરણ સહિત ‘કન્ઝ્યુમેબ્લ્સલ્ર, ‘રિયુઝેબ્લ્સલ્ર અને ‘અધર્સલ્રની ડિઝાઈનિંગ, ડેવલપમેન્ટ, ઉત્પાદન અને માર્કેટિંગમાં કાર્યરત ઈન્ડિયન લેબવેર કંપની ટાર્સન્સ પ્રોડક્ટ્સ લિમિટેડ (‘‘ટાર્સન્સ’’ અથવા ‘‘કંપની’’) (સ્તોત્રઃ ફ્રેસ્ટ એન્ડ સુલિવન રિપોર્ટ)એ એનો આઈપીઓ (‘‘ઓફર’’) ૧૫ નવેમ્બર, ૨૦૨૧ના રોજ પ્રસ્તુત કરવાની યોજના બનાવી છે.

ઓફરની પ્રાઈસ બેન્ડ રૂ. ૨ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેરદીઠ રૂ. ૬૩૫થી રૂ. ૬૬૨ નક્કી થઈ છે. બિડ લઘુતમ ૨૨ ઈક્વિટી શેર માટે અને પછી ૨૨ ઈક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે.

ઓફરમાં કુલ રૂ. ૧,૫૦૦ મિલિયન સુધીના અને રૂ. ૨ની ફેસ વેલ્યુ ધરાવતા ટાર્સન્સ પ્રોડક્ટ્સ લિમટેડના ઈક્વિટી શેરનો ફ્રેશ ઇશ્યૂ સામેલ છે (‘‘ફ્રેશ ઇશ્યૂ’’). વેચાણ માટેની ઓફરમાં સંજીવ સેહગલના ૩૯૦,૦૦૦ ઈક્વિટી શેર, રોહન સેહગલ દ્વારા ૩૧૦,૦૦૦ ઈક્વિટી શેર (સંજીવ સેહગલ અને રોહન સેહગલ સંયુક્તપણે ‘‘પ્રમોટર વિક્રેતા શેરધારકો’’) અને ક્લીઅર વિઝન ઈન્વેસ્ટમેન્ટ હોલ્ડિંગ્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા ૧૨,૫૦૦,૦૦૦ ઈક્વિટી શેર (‘‘રોકાણકાર વિક્રેતા શેરધારક’’)ના વેચાણની ઓફર સામેલ છે.

ઓફરમાં લાયકાત ધરાવતા કર્મચારીઓ દ્વારા સબસ્ક્રિપ્શન માટે ૬૦,૦૦૦ ઈક્વિટી શેરનું રિઝર્વેશન (‘‘એમ્પ્લોયી રિઝર્વેશન પોર્શન’’) સામેલ છે.

બ્રાન્ડ ક્લબ અમદાવાદ વિસ્તરિત થઈ બની ગઈ છે બ્રાન્ડ ક્લબ ગુજરાત

અમદાવાદ, તા. ૧૨

બ્રાન્ડ ક્લબ અમદાવાદ એડવર્ટાઈઝિંગ અને માર્કેટિંગ કોમ્યુનિકેશનના વિવિધ પાસાઓ સાથે જોડાયેલા લોકો માટેની એક ખાસ ક્લબ છે. બ્રાન્ડ ક્લબનું મિશન વિવિધ ફોરમ અને ઈવેન્ટનું આયોજન કરી ક્લબના સભ્યોને તેમની કળામાં વધુ પારંગત બનાવવામાં મદદ કરવાનો અને તેના દ્વારા રાજ્યમાં એડવર્ટાઈઝિંગની ગુણવત્તા અને ધારા ધોરણોને નવી ઊંચાઈ પર લઈ જવાનો છે. ઘણા વર્ષોથી બ્રાન્ડ ક્લબ એડવર્ટાઈઝીંગ અને માર્કેટિંગ કોમ્યુનિટીના ફાયદા માટે વિવિધ ઈનિશિએટીવ્સ અને ઉપયોગી સેશન્સનું આયોજન કરતી આવી છે.

બ્રાન્ડ ક્લબ વર્કશોપ સેમિનાર, સેશન્સ ક્રિએટિવ કોમ્પિટિશન ક્વીઝ અને બીજી આવી ઘણી ઈવેન્ટ્સનું સતત આયોજન કરતી આવી છે, જેમાં બ્રાન્ડ ફેસ્ટ એ બ્રાન્ડ ક્લબની ફ્લેગશિપ ઈવેન્ટ છે.

બ્રાન્ડ ક્લબ અમદાવાદ હવે તેની ગતિવિધિઓનો વ્યાપ વિસ્તારી સમગ્ર ગુજરાતને આવરી લેશે અને બ્રાન્ડ ક્લબ ગુજરાત તરીકે ઓળખાશે. ગુજરાત ઉદ્યોગ સાહસિકોની ધારા છે. તેમજ દેશની ઘણી પ્રખ્યાત બ્રાન્ડસની પણ જેણે આજે બિઝનેસ વર્લ્ડમાં એક અલગ ઓળખ ઉભી કરી છે. આ બ્રાન્ડસે માર્ગદર્શ્ટા બની બીજા બિઝનેશીસ માટે નવા સીમાચિન્હ પ્રસ્થાપિત કર્યા છે.

રાજ્યમાં કોરોનાના ૨૧ નવા કેસો

ગાંધીનગર, તા.૧૨

ગુજરાતમાં તહેવારોની સિઝન જતાની સાથે જ કોરોનાના કેસોમાં અચાનક ઉછાળો જોવા મળી રહ્યો છે. છેલ્લા બે દિવસથી ૪૦ અથવા તો તેનાથી વધારે એક સામે આવી રહ્યા છે. આજે પણ રાજ્યમાં ૨૧ નવા કેસ સામે આવ્યા હતા. બીજી તરફ ૩૫ દર્દીઓ સાજા થઈને ઘરે ગયા હતા. રાજ્યમાં કોરોનાથી સાજા થવાનો દર ૯૮.૭૫ ટકાએ પહોંચી ચુક્યો છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૬,૫૭૭ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૨૨૦ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૬ નાગરિકો વેન્ટીલેટર પર છે. ૨૧૪ નાગરિકો સ્ટેબલ છે. ૮,૧૬,૫૭૭ નાગરિકો ડીસ્ચાર્જ થઈ ચુક્યા છે.

દાયરામાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

સિક્યોરિટીઝમાં રિટેલ પાર્ટિસિપેશન વધશે. બીજી તરફ ઈન્ટિગ્રેટેડ ઓમ્બડ્સમેન સ્કીમનો હેતુ ફરિયાદોને દૂર કરનારી પ્રણાલીમાં વધુ સુધારો લાવવાનો છે. મોદીએ કહ્યું હતું કે આજે બે યોજનાને લોન્ચ કરવામાં આવી છે, એનાથી દેશમાં રોકાણનો વ્યાપ વધશે અને કેપિટલ માર્કેટ્સને એક્સેસ કરવું રોકાણકારો માટે વધુ સરળ થશે. ભારતમાં તમામ ગવર્નમેન્ટ સિક્યોરિટીઝમાં સુરક્ષાની ગેરન્ટી હોય છે, આ કારણે રોકાણકારોને પોતાના રોકાણ પર સુરક્ષાનું આશ્વાસન મળશે. મોદીએ કહ્યું હતું કે ગવર્નમેન્ટ સિક્યોરિટિઝમાં રોકાણ માટે ફન્ડ મેનેજર્સની જરૂર પડશે નહિ. રોકાણકારો ડાયરેક્ટ ગિલ્ટ એકાઉન્ટ ખોલી શકે છે. આ એકાઉન્ટ સેવિંગ એકાઉન્ટ સાથે પણ લિંક હશે. તેમણે વધુમાં કહ્યું હતું કે તમે કલ્પના કરી શકો છો કે એનાથી લોકોને કેટલી સરળતા રહેશે.

બૂસ્ટર ડોઝ

● અનુસંધાન પહેલાનું ચાલુ

શોટનો સવાલ નૈતિક છે અને ડોક્ટર્સ આ અંગે વિચારવિમર્શ કરી રહ્યા છે કે ભારતમાં બૂસ્ટર ડોઝ આપવાનો યોગ્ય સમય કયો હશે. તેમણે કહ્યું કે મને ભરોસો છે કે આ મુદ્દે થિંક ટેંક એક ચોક્કસ અને યોગ્ય નિર્ણય લેશે. ડોક્ટર પા શ્રીવાસ્તવે કહ્યું કે પૂરતા અભ્યાસથી એ પણ ખ્યાલ આવે છે કે ઘણાં એવા લોકો છે જેમણે વેક્સીન તો લઈ લીધી છે પણ તેમનામાં એન્ટીબોડી નથી બની રહી. આ પહેલા ભારત બાયોટેકના અધ્યક્ષ ડો. કૃષ્ણા એલાએ બૂસ્ટર ડોઝ અંગે બહુ મહત્વપૂર્ણ વાત કહી હતી. તેમણે કહ્યું કે જો વાયરસ ફરી એક વાર રૂપ બદલે તો લોકોને કોવિડ-૧૯ વેક્સીનના બૂસ્ટર ડોઝની જરૂર પડશે. તેમણે કહ્યું કે ભવિષ્યમાં કયા પ્રકારના બૂસ્ટર ડોઝની જરૂર પડશે અને તેને ઝડપથી લોકો સુધી કઈ રીતે પહોંચાડી શકાય તેના પર અમે કામ કરી રહ્યા છીએ. આ સમયે દુનિયાના ઘણાં દેશો નાગરિકોને બૂસ્ટર ડોઝ આપી રહ્યા છે જેમાં અમેરિકા, જર્મની, ઓસ્ટ્રેલિયા, કેનેડા, ફ્રાન્સ વગેરે સામેલ છે.

ઓનલાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જોડાણકર્તાઓની અવરજવર ચાલુ હોય છે. પરંતુ વર્ષોના અંતે પણ પાણી ગટર વેરાના ચુકવણાનુ કામ ઓનલાઈન થઈ શક્યુ નથી. ટુંકમાં જ પાણી ગટર વેરાની વસુલાત કોર્પોરેશનને સોંપવા માટે પણ ગતિવિધિ હાથ ધરાશે બીજીતરફ પાણી ગટર વેરાની વસુલાત ઝડપી અને અસરકારક બનાવવા માટે આ સઘળી પ્રક્રીયા ઓનલાઈન કરી દેવા માટે પણ પ્રયાસો હાથ ધરાયા છે. આ મામલે પાણી ગટર વેરા વિભાગના અધિકારીઓની સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ સાથે બેઠક પણ યોજવામાં આવી હતી. જયારે જોડાણકર્તાઓ ઓનલાઈન વેરો ચુકવી શકે તે માટે પણ વ્યવસ્થા ગોઠવવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. બીજીતરફ વેરા વસુલાતની નબળી કામગીરીને અનુલક્ષીને પણ ટુંકમાં બેઠક યોજવામાં આવશે. જેમાં બાકીદારો પાસેથી વેરો વસુલવા માટે પણ શુ પગલા લેવા તે અંગે વિસ્તૃત ચર્ચા કરાશે.

પાક પેટર્ન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાઈનું વાવેતર વધશે તેમ મનાઈ રહ્યુ છે. જિલ્લામાં આ વખતે ચોમાસામાં વરસાદની ઘટ ૨૯ ટકા રહેવા પામી છે તેથી પિયતના મુદ્દે ખેડૂતો ચિંતાતુર છે કારણ કે જિલ્લામાં પિયતની સુવિધા ઓછી છે.

રવિ સીઝનમાં છેલ્લા ત્રણ વર્ષથી સરેરાશ વાવેતર ૭૫ હજારથી વધુ નોંધાતુ રહ્યુ છે. જો કે આ વખતે ઘઉંનું વાવેતર ઘટે તેવી સંભાવનાઓ પણ કેટલાક ખેડૂત મિત્રોનું માનવું છે. લીલા શાકભાજી તેમજ બટાટાનો વાવેતર વિસ્તાર જળવાઈ રહેશે તેમ મનાઈ રહ્યુ છે. જિલ્લામાં તમાકુ, વરિયાળી, રાઈ, ચણા, મકાઈના વાવેતર વિસ્તારમાં વધારો થશે તેમ જાણવા મળેલ છે. જો કે હજુ વાવેતરનો આરંભ થયો છે.

ઠંડી વધશે પણ દિવસે ગરમી હજુ ૩૪ ડિગ્રી રહેશે

ગાંધીનગર જિલ્લામાં ૧૭મી નવેમ્બર સુધી બેવડી ઋતુનો અનુભવ થશે. રાત્રીના તાપમાનમાં ઘટાડો થતાં ઠંડીનું જોર વધશે જ્યારે દિવસ દરમ્યાન ગરમીનું પ્રમાણ યથાવ